સરકારી ભરણાનાં નાણા સંબંધિત બેંકો દ્વારા વિલંબથી જમા
કરવા અંગે દંડકીય વ્યાજની વસુલાતના પત્રકો IFMS
હેઠળ તૈયાર કરવા બાબત.

# હિસાબ અને તિજોરી નિયામકની કચેરી

ગુજરાત રાજય 'વીમા અને લેખા ભવન',
બ્લોકનં.૧૭, ડૉ જીવરાજ મહેતા ભવન સંકુલ,ગાંધીનગર.
નંબરઃ– હિતિનિ/ટીસી/ફા.૧૦૧/સરકારી ભરણા–વ્યાજની ચૂકવણી/૨૫૮૧–૨૬૦૯
તા. ૧૬/૦૪/૨૦૧૦

## :: પરિપત્ર ક્રમાંક :: ૭ /૨૦૧૦ ::

આથી તમામ શ્રેયાન / જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ તથા પેટા તિજોરી અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે, રાજય સરકારના વેટના ભરણાના નાણા સંબંધિત બેંક દ્વારા વિલંબથી જમા કરાવવા બદલ જવાબદાર બેંકો પાસેથી પેનલ્ટી તરીકે વ્યાજ વસુલ લેવા બાબતે અત્રેની કચેરીના તા.૨૮/૧/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ ૪/૨૦૦૮ માં અપાયેલ સૂચનાઓ ઉપરાંત નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવા જણાવવામાં આવે છે.

- રાજયની તમામ જિલ્લા તિજોરી કચેરીઓમાં IFMS Operational થયેલ છે. જે અન્વયે IFMS Helpdesk હેઠળ **TCS** દ્વારા ડેવલપ કરેલ પેનલ ઈન્ટરેસ્ટ નું સોફ્ટવેર અત્રેની કચેરીના તા.૨૮/૧/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંકઃ ૪/૨૦૦૮ મા અપાયેલ સૂચના તથા તેની સાથે સામેલ રાખેલ RBI ના તા.૨૧/૩/૨૦૦૭ ના અંગ્રજી પરિપત્ર ક્રમાંકઃ RBI /2007 / 291 માં અપાયેલ સૂચના મુજબ સાચી ગણતરી કરે છે કે કેમ? તેની ચકાસણી કરી, IFMS માં વેટ–પેનલ ઈન્ટરેસ્ટનો રીપોર્ટ તૈયાર કરી રાજય સરકારની લેવડ–દેવડની કામગીરી સંભાળતી એજન્સી બેંકની શાખાને દર માસે વિલંબીત સમયના વ્યાજની વસુલાતના પત્રકો મોકલી આપી વ્યાજ વસુલ કરવુ.
- જિલ્લા તિજોરી કચેરી ગાંધીનગરે સાયબર ટ્રેઝરી અન્વયે CGA ના તા.૮/૭/૨૦૦૮ ના ઓફીસ મેમોરેન્ડમ મુજબ પેનલ ઈન્ટરેસ્ટની ગણતરી કરી, IFMS માં વેટ–પેનલ ઈન્ટરેસ્ટનો રીપોર્ટ તૈયાર કરી રાજય સરકારની લેવડ–દેવડની કામગીરી સંભાળતી એજન્સી બેંકની શાખાને ૧૦ દિવસના સમયાંતરે વિલંબીત સમયના વ્યાજની વસુલાતના પત્રકો મોકલી આપી વ્યાજ વસુલ કરવુ.
- ઉકત વિગતે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓએ સબંધકર્તા કર્મચારી/અધિકારીને વિસ્તૃત સમજૂતી આપવી.
- જિલ્લા તિજોરી કચેરી દ્વારા પેનલ ઈન્ટરેસ્ટ અંગેનો કલેઈમ નહિ કરવામાં આવે તો તે અંગે જિલ્લા તિજોરી અધિકારીશ્રીની અંગત જવાબદારી નકકી કરવામાં આવશે.
- ઉકત બાબતે પેનલ ઈન્ટરેસ્ટની ગણતરીમાં કોઈ મુશ્કેલી ઉભી થાય તો **TCS** નો તથા અત્રેની ઈ.ડી.પી. સેલનો સંપર્ક કરવો.
- સદરહુ બાબત તાબાના પેટા તિજોરી અધિકારીશ્રીઓના ધ્યાને લાવવી.

નિયામક 16/04/10

પ્રતિ

(૧) શ્રેયાન / જિલ્લા અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી,.................. (તમામ)
(૨) નિધિ નિરીક્ષણ અધિકારીશ્રી, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર
(૩) સંયુકત નિયામકશ્રી, ઈ.ડી.પી. સેલ, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર
(૪) તાલીમ અધિકારીશ્રી, તાલીમ કેન્દ્ર, હિ.તિ.નિ. કચેરી, ગાંધીનગર